ગાંધીનગર રાજયનુ સૌથી ગરમ શહેર

સવારે આકાશમાં વાદળો છવાયા જયારે બપોર બાદ આગ વરસતા નગરજનો અગ્નજવાળની લપેટમાં આવી ગયા : શહેરમાં ગરમીની સિઝનમાં અત્યાર સુધી મહત્તમ તાપમાન ત્રીજીવાર ૪૪ ડીગ્રીએ પહોંચ્યુ

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરમાં આજે આકાશમાંથી આગ વરસી હતી. ગરમીનો પારો ૪૪ ડીગ્રીને અડી જતા નગરજનોએ અંગારા વરસાવતી ગરમીથી દાહ અનુભવ્યા હતા. સમગ્ર રાજયમાં ગાંધીનગર સૌથી ગરમ શહેર તરીકે ઉભરી આવ્યુ હતુ. ગઈકાલે ગરમીનો મિજાજ થોડો હળવો થયા બાદ આજે અચાનક જ ગરમીનુ પ્રમાણ વધી ગયુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં મહત્તમ તાપમાનમાં ૧.૨ ડીગ્રીનો વધારો જોવા મળ્યો હતો. આગ ઓકતી ગરમીથી નગરનુ જનજીવન બેબાકળુ બની ગયુ છે. મોડી સવાર સુધી વાદળિયુ વાતાવરણ સર્જાયુ હતુ જયારે બપોર થતા જ ગરમીનો મિજાજ આકરો બનતા

પારો ૪૪ ડીગ્રી

નગરજનોએ અંગ દઝાડતી ગરમી વેઠવાનો વારો આવ્યો હતો. ઉનાળાની આકરી ગરમીની સિઝનમાં અત્યાર સુધી ત્રીજીવાર ગરમીનો પારો ૪૪ ડીગ્રી સુધી પહોચ્યો હતો.

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી ઉનાળો વધુ આકરો બન્યો છે. જેના લીધે સિઝનમાં સતત બીજીવાર સમગ્ર રાજયમાં ગાંધીનગર સૌથી ગરમ શહેર તરીકે ઉભરી આવ્યુ છે. શહેરમાં સિઝનની આકરી ગરમીના દિવસો વચ્ચે મહત્તમ તાપમાન પણ રેકર્ડ બ્રેક સ્થિતિએ પહોંચી જતા જનજીવન કાતિલ હીટવેવની અસરથી સુન્ન પડી ગયુ છે. બે દિવસ અગાઉ પણ મહત્તમ તાપમાન ૪૩. ૫ ડીગ્રી રહ્યુ હતુ જયારે ગઈકાલે ગરમીનુ પ્રમામ અંશત : ઘટયુ હતુ. પરંતુ આજે ફરી એકવાર ગરમીનુ જોર વધી જતા શહેરીજનો આકમક ગરમીથી મુંઝારો અનુભવી રહ્યા હતા. સવારના સમયે વાદળિયા વાતાવરણના લીધે ગરમીનુ જોર ઘટી જશે તેમ લાગી રહ્યુ હતુ પરંતુ બપોર થતા આકાશી નઝારો ફરી એકવાર બદલાયો હતો વાદળો દુર હટી ગયા હતા અને આકાશમાંથી આગ વરસી હતી. બપોરના સમયે આકરા તાપથી શહેરીજનો પણ બેબાકળા બન્યા હતા. નગરના સેકટરોમાં ગરમીની અસરથી સન્નાટો છવાયો હતો. જયારે સેકટરવાસીઓમાં વધતી ગરમી ચર્ચાનો વિષય બની હતી. હાલ વેકેશનના માહોલ વચ્ચે નાના બાળકો અને વડીલો ગરમીથી બચવા માટે ઘરમાં જ જોવા મળે છે. અલબત્ત બપોરના ૧૨ થી ૫ ના સમયગાળામાં ગરમી પરાકાષ્ટાએ હોવાથી નગરના માર્ગો પર બિનજરૂરી અવરજવર પણ જોવા મળતી નથી. નગરની સરકારી કચેરીઓમાં પણ બપોરના સમયે મુલાકાતીઓની હાજરી જોવા મળતી નથી જયારે કર્મચારીઓ પણ ગરમીથી તોબા પોકારી ગયા છે. બપોરના રીશેષના સમયે સરકારી કચેરીઓમાં પણ સુનકાર જોવા મળે છે. સેકટરોના મોટાભાગના ઘરોમાં ગરમીથી બચવા માટે એ સી ધમધમતા જોવા મળે છે. આકરી ગરમીના સતત પ્રકોપના લીધે જન આરોગ્ય પણ વિશેષ રીતે પ્રભાવિત છે. એકબાજુ લગ્નસરાની સિઝન પણ પુરબહારમાં ખીલી છે. જયારે ગરમી વધતા લગ્ન મહોત્સવ સહીતના પ્રસંગોના આયોજકોની મુંઝવણ પણ વધી છે. લગ્ન સમારંભ માટે ગરમી વિલન બની

● અનુસંધાન પાન-૭ પર

વરસાદી દિવસોમાં આવાસોમાં પાણી લીકેજીસની સમસ્યાને ડામવા તંત્ર ધાબાની સફાઇ કરશે

શહેરના સરકારી આવાસોના ધાબાની તેમજ પાણીના નિકાલની લાઇન સફાઇ કરાશે : વરસાદી દિવસોમાં ધાબામાં પાણીનો નિકાલ ન થતા દિવાલમાંથી ભેજ ઉતરતો હોવાની ફરિયાદાને ડામવા આગોતરૂ આયોજન

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના જોખમી હાલતમાં છે. જયારે અડધા મકાનોમાં રહીશોનો વસવાટ છે. જયારે ચોમાસા દરમિયાન વરસાદી પાણીના લીધે આવાસની છત ટપકવાની ફરિયાદો વિશેષ ઉઠવા પામે છે. આવાસોમાં પાણી અને ભેજ ઉતરવાની ફરિયાદોને અનુલક્ષી તંત્ર દ્વારા સરકારી આવાસોના ધાબાની સફાઇ તેમજ પાણીના નિકાલની લાઇનની સફાઇનુ કામ હાથ ધરવા નિર્ણય લીધો છે.

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત સરકારી આવાસો દાયકાઓ જુના છે. જયારે વિવિધ કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના રહેણાંકની દ્રષ્ટીએ જોખમી હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. આ સ્થિતિ વચ્ચે શહેરમાં સ્થિત અંદાજિત ૧૬ હજાર જેટલા આવાસો પૈકી જોખમી મકાનો તોડવાનુ કામ પણ ચાલી રહ્યુ છે. જોખમી મકાનો તોડવા માટે તબક્કાવાર મંજુરી મેળવવામાં આવી રહી છે. જયારે હાલ ઉપલબ્ધ આવાસો પૈકી ઘણાં ખરા મકાનોમાં કર્મચારીઓનો વસવાટ પણ છે. વર્ષો જુના મકાનોમાં વારંવાર પોપડા ખરવાની તેમજ દિવાલમાં ભેજ ઉતરવાની ફરિયાદો પણ ઉઠતી રહે છે. વરસાદી દિવસોમાં આ ફરિયાદો વધી જાય છે. જયારે ચોમાસુ નજીક છે. ત્યારે નગરમાં સ્થિત સરકારી આવાસોમાં દિવાલમાં ભેજ ઉતરવા સહીત ભેજની ફરિયાદોને ઉગતી ડામવા માટે તેમજ વરસાદી પાણીનો યોગ્ય નિકાલ થાય તે માટે લાઇન સફાઇ કરવા માટે આયોજન કરાયુ છે. ધાબામાં પાણીની લાઇનની યોગ્ય સફાઇ હાથ ધરવા માટે પણ નિર્ણય લેવાયો છે. સરકારી આવાસોમાં ભેજ કે પાણી ઉતરવા માટે ટેકનિકલ કારણો જવાબદાર બને છે. સરકારી આવાસોના ધાબાનો

● અનુસંધાન પાન-૭ પર

ગુડાએ ટી પી વિસ્તારમાં માર્ગો ખુલ્લા કર્યા બાદ હવે રીસરફેસીંગનુ કામ પણ શરૂ કરાયુ

કોબા રાયસણ અને કુડાસણમાં પણ કાચા રસ્તાનુ પેવરકામ હાથ ધરાશે : શાહપુરમાં ૧૮ અને ૩૬ મીટરના રસ્તા ખુલ્લા કરાયા બાદ ડામર કામ શરૂ કરી દેવાયુ

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વિવિધ ટી પી વિસ્તારમાં માર્ગો ખુલ્લા કરવાનુ અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે જે અન્વયે વિવિધ ટી પી વિસ્તારમાં માર્ગો ખુલ્લા કરી માળખાગત સુવિધાઓ સુદ્રઢ કરવા માટે આયોજન કરાયુ છે. જયારે હાલ ટી પી - ૨૬ ના શાહપુર વિસ્તારમાં ૧૮ મીટર અને ૩૬ મીટરના ખુલ્લા કરેલા રસ્તાઓને અનુલક્ષી ડામર કામ શરૂ કરી દેવાયુ છે. જયારે કોબા રાયસણ અને કુડાસણ વિસ્તારમાં પણ કાચા રસ્તાને ધ્યાનમાં રાખી માર્ગોનુ રીસરફેસીંગ કરવા માટે આયોજન કરાયુ છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ટી પી ૨૫ શાહપુર વિસ્તારમાં માર્ગો ખુલ્લા કરવાની કામગીરીના અંતે હવે માર્ગોના રીસરફેસીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. ગુડા દ્વારા છેલ્લા કેટલાક સમયથી ન્યુ ગાંધીનગર વિસ્તારમાં દબાણો અને અન્ય અડચણથી ઘેરાયેલા માર્ગોને ખુલ્લા કરવા માટે તબક્કાવાર ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જયારે આ દરમિયાન વિવિધ ટી પી વિસ્તારમાં માર્ગોને ખુલ્લા કરાયા છે. જયારે ટી પી વિસ્તારમાં માર્ગો ખુલ્લા કરવાની સાથે માળખાગત સુવિધાના કામોને હાથ ધરવા માટે પણ આયોજન કરાયુ છે. જેને અનુલક્ષી કોબા રાયસણ અને કુડાસણ વિસ્તારમાં પણ માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવામાં આવનાર છે. જયારે જે ઠેકાણે કાચા રસ્તા અસ્તિત્વમાં છે તેવી જગ્યાએ પાકા રસ્તા પણ બનાવાશે. ડામર કામ કરીને માર્ગોની

● અનુસંધાન પાન-૭ પર

બોરિયા-હરિપુરાના જશુજી મકવાણા તેમના ખેતરમાં પ્રાકૃત્તિક શાકભાજીનું મબલખ ઉત્પાદન મેળવે છે

પારસાના પ્રજાપતિ બાંધવ બેલડીએ પપૈયા, સૂર્યમુખી, સરગવો અને ઘઉંનું ઉત્પાદન મેળવ્યુ છે તો હવે કિચનગાર્ડનને ડેવલપ કરી રહ્યા છે : ખરણાના ભીખાભાઈ પટેલે પ્રાકૃત્તિક ખેતીની મદદથી ઘઉંનું ઉત્પાદન મેળવ્યુ છે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર તાલુકાના દોલારાણા વાસણા ગામનું પરૂ બોરિયા-હરિપુરામાં મકવાણા જશુજી બળદેવજીએ શાકભાજીના પાકોનું વાવેતર પ્રાકૃત્તિક ખેતીથી કરી આજે સારી આવક મેળવી રહ્યા છે.

૨૦૧૬માં પ્રાકૃત્તિક ખેતી અંગે જિલ્લામાં સુભાષ પાલેકરજીના યોજાયેલ અભ્યાસવર્ગમાં હાજરી આપ્યા બાદ જશુજીએ પ્રાકૃત્તિક ખેતી તરફ વળવા માટે મન બનાવી લીધુ હતુ.

જશુજી મકવાણાએ આજે ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે હરિયાણાના કુરુક્ષેત્રમાં પ્રાકૃત્કિક ખેતીની તાલિમમાં તેમણે જિલ્લાના ખેડૂતો સાથે પ્રવાસ કર્યો હતો. ત્યાંથી ઘણુ બધું નવુ શીખવા અને જાણવા મળ્યુ હતુ.

તેમણે કહ્યું કે હાલ તેમની ૧૦ વિઘા જમીન છે જેમાંથી ૧ વિઘામાં દૂધી તેમજ ૧૫ ગુંઠામાં રવૈયાની શાકભાજી વાવી છે તો ૧૫ ગુંઠામાં પ્રાકૃત્તિક બાજરીનું વાવેતર કર્યુ છે.

તેમણે કહ્યું કે પ્રાકૃત્તિક ખેતીમાં ઓછો ખર્ચ આવે છે અને સારા ભાવ મળે છે. તેમજ ઉત્પાદનમાં ઘટાડો નથી થયો.

દૂધીના પાક અંગે તેમણે વાત કરતાં કહ્યું હતું કે આજે પણ તેમના ખેતરમાં રોજની ૧૦ મણ દુધીનું ઉત્પાદન થઈ રહ્યુ છે અને રૂ. ૨૦૦ મણનો ભાવ મળે છે.

રવૈયાનો ઉતારો હજુ સીઝનની શરૂઆત છે પણ રોજના ૧૨ કિલો જેટલા ઉતરી રહ્યા છે. કોરોના કાળમાં તો ભીંડાનું મબલખ ઉત્પાદન થયુ હતુ અને એક તબક્કે તેમણે ભીંડાનું મફત વિતરણ કર્યુ હતુ.

જમીનમાં જીવાત કે અન્ય ઉપદ્રવ જણાય તો જીવામૃત અર્કનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત ખાટી છાશ, આંકડો, ધતુરો, સીતાફળના પાન તેમજ લીમડાના પાનનો ઉપયોગ કરે છે.

પ્રાકૃતિક ખેતીની આવકની મદદથી તેમણે તેમના દિકરાના પણ લગ્ન કર્યા છે.

તેમની પાસે હાલ બે કાંકરેજ ગાય અને બે ભેંસ પણ છે. તેના દૂધમાંથી પણ આવક થાય છે. હાલ તો ઉનાળામાં દૂધ ઓછુ છે પણ તેઓ આગામી દિવસોમાં પ્રાકૃત્તિક ખેતીનો તેમની જમીનમાં જ વ્યાપ વધારવાની ઈચ્છા ધરાવે છે.

ખરણાના ભીખાભાઈ પટેલે પણ પ્રાકૃત્તિક ખેતીથી રાઈ અને ઘઉંનું મબલખ ઉત્પાદન મેળવ્યુ છે. તો પારણાના પ્રહલાદભાઈ પ્રજાપતિ અને આત્મારામભાઈ પ્રજાપતિની બાંધવ બેલડીએ પપૈયા, સૂર્યમુખી, સરગવો, બંસી ઘઉં, ૪૫૧ ઘઉંની સફળ ખેતી કરી છે. હવે તેઓ કિચન ગાર્ડન તરફ પણ વળ્યા છે જેમાં તુટેલા ટોકર, ટ્રે જેવા સાધનોમાં પ્રાકૃત્તિક ખેતીથી શાકભાજીનું ઘર જેટલુ વાવેતર કરી ઉત્પાદન મેળવી રહ્યા છે.

ગિયોડ ગામ મુખ્યમંત્રીની સાદગી અને સહજતાથી પ્રભાવિત થયું

બાળકોના કાલા-ઘેલા સ્વરમાં ગીત સાંભળી મુખ્યમંત્રી મોહિત થયા : ગિયોડ પશુ-દવાખાનાના નવનિર્માણ માટેની કડક તાકીદ : પ્રા.શાળા, સહકારી મંડળી, પંચાયત ઘરની મુલાકાત લીધી અને ગ્રામજનો સાથે ચ્હાની ચુસકી લીધી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર તાલુકાના ગિયોડ ગામની આજે ઓચિંતી

મુલાકાત લઈ ગ્રામીણ વિસ્તારના પ્રશ્નોને જાણવાનો મુખ્યમંત્રીએ સીધો પ્રયાસ કર્યો હતો.

કંથારપુર વડની મુલાકાત પછી મુખ્યમંત્રીએ ગાડીમાં બેસી તેમના વાહનો ગિયોડમાં લઈ જવાની સીધી સૂચના આપી હતી.

ગામમાં મુખ્યમંત્રીનું આગમન થયાની વાત જાણી ગ્રામજનો પણ દોડી ગયા હતા. મુખ્યમંત્રીએ પ્રા. શાળા સંકુલની મુલાકાત લીધી ત્યારે ત્યાં આવી પહાચેલા બાળકો સાથે શાળા-શિક્ષણની સહજ વાતો કરી હતી અને બાળકોને પુછ્યું કે તમને બાળગીતો આવડે છે કે નહિ ? તેમણે બાળકો પાસે બાળગીત ગવડાવી અને કાલા-કાલા સ્વરમાં બાળગીતની મજા માણી હતી.

આ પછી તેમણે પશુ દવાખાનાની મુલાકાત લીધી હતી. પશુ દવાખાનુ સરકાર હસ્તક હતુ. તે જુનુ અને જર્જરિત થયેલું જોઈ તેઓ ચોંકી ઉઠ્યા હતા. તેમણે આ માટે તાત્કાલિક કાર્યવાહી કરવા માટેની સીધી સૂચના કલેક્ટરને આપી હતી. આ અંગેની દરખાસ્ત વિભાગમાં હોવાનું કલેક્ટરે જણાવતાં તેમણે તાત્કાલિક તેમના સુધી આ દરખાસ્ત પહોંચે તે જોવા કહ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

બિસ્માર રસ્તો છુપાવવા અધિકારીઓ ગિયોડ ગામમાંથી ફેરવી મુખ્યમંત્રીને કંથારપુર લઈ ગયા

ગાંધીનગર, તા. ૧૦

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને આજે સરકારી બાબુઓ દહેગામ તાલુકાના કંથારપુર વડની મુલાકાત માટે છાલા હાઈવેથી કાનપુર વા. ચૌધરીના રોડ પર લઈ જવાને બદલે ગિયોડ ગામમાંથી પસાર કરી અને લઈ ગયા હતા.

છાલા-હાઈવેથી કાનપુર-વાસણા ચૌધરીનો માર્ગ બિસ્માર હોવાથી તંત્રએ ગિયોડ ગામમાંથી કાફલાને પસાર કરાવ્યો હતો તેવી લોકજીભે ચર્ચા સાંભળવા મળી હતી. નજીકનો માર્ગ નહિ પણ ફેરવી ફેરવીને લઈ જવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રીએ ગિયોડ-ધણપના ગ્રામજનોની મુલાકાત કરી આ વિસ્તારના રહીશોના દિલ જીતી લીધા હતા. છેલ્લા બે વર્ષથી બિસ્માર માર્ગની હાલત ધ્યાને તેમના જરૂર આવી છે આવો અન્યાય કેમ કરાય છે તેનો ઉકેલ જાણવાનો પણ તેમણે સાહજિક વાતોમાં પ્રયાસ કર્યો હતો.

મુખ્યમંત્રીની આજની મુલાકાતમાં તેમણે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની સ્થિતિ જાણી લીધી હતી. તેમણે મુખ્ય સચિવ સમક્ષ તંત્રના વલણને લઈ નારાજગી પણ જાહેર કર્યાનું જાણવા મળેલ છે. તેમણે બાળકો સાથે પણ "દાદા"ની ભૂમિકા ભજવી શૈક્ષણિક સુવિધાઓ તો વડીલો સાથે પ્રશ્નોની સ્થિતિ પશુપાલકો પાસેથી પશુ ચિકિત્સાલયની તકલીફ જાણી હતી. બેંકની સુવિધાઓ હજુ ગ્રામ્ય વિસ્તાર સુધી પાટનગરના જિલ્લામાં જ નથી તે જાણીને તેઓ ચોંકી ઉઠ્યા હતા. ગ્રામીણ વિસ્તારમાં સહજતા અને સાદગી મુખ્યમંત્રીની સૌને સ્પર્શી ગઈ છે.

ગુડાની ટી પી ૯માં નેશનલ હાઈવેની મંજુરીના અભાવે સ્ટોર્મ વોટર લાઈનનુ કામ વિલંબમાં

આ વર્ષે પણ ચોમાસામાં વરસાદી પાણીની સમસ્યા યથાવત રહેશે

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર શહેરની જેમ ગુડા દ્વારા વરસાદી પાણીના નિકાલની લાઈનનુ કામ હાથ ધરશે જો કે આ મામલે નેશનલ હાઈવે ઓથોરિટીના તંત્ર દ્વારા મંજુરી આપવામાં આવી નથી જેના લીધે ટી પી સ્કીમ નં -૯ ના વાસણા હડમતિયા સરગાસણ ઉવારસદ અને તારાપુર વિસ્તારમાં આ વર્ષે ચોમાસા દરમિયાન વરસાદી પાણીનો ભરાવો યથાવત રહેશે તેમ પણ સ્પષ્ટ થઈ રહ્યુ છે.

ગુડા વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલની લાઈન સંદર્ભે સંબંધિત વિભાગની મંજુરીના અભાવે કામ વિલંબમાં પડયુ છે. ન્યુ ગાંધીનગરનો વિસ્તાર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ છે. પરંતુ આ વિસ્તારામાં હાલ પણ ગુડા દ્વારા માળખાગત સુવિધાના વિવિધ કામો કરવામાં આવી રહ્યા છે. જેમાં પાણી ગટર અને રસ્તા સહીત સ્ટ્રીટ લાઈટના કામો પણ હાથ ધરવામાં આવે છે. ગુડા દ્વારા ન્યુ ગાંધીનગરના ટી પી નં -૯ સહીતના વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલની લાઈન નાંખવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં ટી પી સ્કીમ નં -૯ માં બોક્સ પુસિંગ પધ્ધતિથી પાણી ટી પી સ્કીમ નં -૮ સરગાસણ વિસ્તારમાં કામ હાથ ધરવાનુ થાય છે. જેમાં મુખ્યમાર્ગો નીચેથી બોક્સ પુસિંગ પધ્ધતિને અનુલક્ષી

● અનુસંધાન પાન-૭ પર

LED TV રીપેરીંગ
Sony, LG, SAMSUNG, Panasonic
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com